# મહાદેવભાઈ ગાંધીજીના સહયોગી–રાજમંત્રી તરીકે

વર્ષાબેન બબાભાઈ દેસાઈ
પીએચ.ડી. સ્કોલર, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

## ૧. મહાદેવભાઈની ડાયરી

ગાંધીજી ભારતમાં આવ્યા ત્યાર પછી સ્વતંત્રતાનું આંદોલન વેગવાન બન્યું. ગાંધીજીની અનેક વિધ પ્રવૃતિઓએ આખા દેશમાં ચેતનાનું મોજુ ફેલાવી દીધું. છેક છેવાડાના માણસ સુધી ગાંધીજીના આદર્શો અને ભાવનાઓ પ્રચાર પામે છે. અંગ્રેજ સરકાર સામે અહિંસા અને સત્યના માર્ગે આઝાદી મેળવવા ગાંધી ચિંધ્યા માર્ગે અનેકવિધ ચળવળો, આંદોલનો તથા સત્યાગ્રહ ચલાવ્યા તે તમામ વિશેની અનેક ઐતિહાસિક અને અતિ મહત્વની વિગતો પણ મહાદેવભાઈની ડાયરીમાં નોંધાયેલી છે. ઈ.સ. 1917 થી 1942 સુધી ગાંધીજીની ભૂમિકા ભારતના સ્વાતંત્ર્યમાં કેવા પ્રકારની રહી હતી? તેનું પ્રદાન કેવું રહ્યું છે? ભારતમાં ગાંધી વિચારોથી કેવા પ્રકારની વિચારધારા પ્રસરી? તથા લોકજાગૃતિ કેવી રીતે ફેલાઈ અને ભારતની આઝાદીમાં ગાંધી આંદોલનોનો પ્રભાવ શો રહ્યો ખાસ કરીને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં આ આંદોલનો તથા મહાદેવભાઈની ડાયરીને મૂલવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

મહાદેવભાઈ ડાયરીમાં ચરિત્ર લેખક છે. પરંતુ ચરિત્ર નાયક તો ગાંધીજી છે. મહાદેવભાઈએ તેમની ડાયરીમાં પોતાના ચરિત્રને અતિ ગૌણ બનાવી દીધું છે. તેમ છતાં આ ડાયરીમાં મહાદેવભાઈના તત્કાલીન જીવનમાં ગાંધીજી સાથેની વાતો ખૂબ જ સુદરતાથી વર્ણવેલ છે.

મહાદેવભાઈની ડાયરી એ રોજનીશિ સ્વરૂપે મહાદેવભાઈના જીવનનું મહત્વપૂર્ણ આલેખન છે. મહાદેવભાઈ ઈ.સ. 1917 માં ગાંધીજી સાથે જોડાયા ત્યારથી તેમણે ઘટનાઓની ડાયરી લખવાની શરૂઆત કરી અને તેમના અવસાન પૂર્વે એટલે કે 15 મી ઓગસ્ટ 1942 સુધી ડાયરી લખી છે. મહાદેવભાઈ પોતાની જાતને શૂન્યવત કરી ગાંધીજી સાથે પૂરુ તાદમ્ય સાધ્યું હતું. તેથી ગાંધીજી મહાદેવભાઈના તનમનના સ્વામી બની રહ્યા હતા.

મહાદેવભાઈએ ગાંધીજી વિશેની ડાયરી લખતા સત્ય અને અહિંસા હંમેશા સર્વોપરી મહત્વ આપ્યું છે. તેથી જ એમની ડાયરીમાં અત્રતત્ર ભાર્વાદ્રતા અને ભાવુકતા છતાંયે ક્યાય સત્યનો ડોહ જોવા મળતો નથી.

તેમની નિખાલસતા, સચ્ચાઈ, નિર્ભયતા, પ્રમાણિક્તા ને ચીવટને કારણે તેમનું ડાયરીલેખન સત્વસભર અને શ્રદ્ધેય બન્યું છે.

મહાદેવભાઈની ડાયરીમાં તેમનું જીવન ગંગા, જમના અને સરસ્વતીના ત્રિવેણીસંગમ સમાન છે. જેમાં તેઓ સરસ્વતીની એક નાનકડી સેર જેવું છે. જ્યારે ગાંધીજીનું જીવન એ ગંગાના મહાનદ પ્રવાહ જેવું છે. અને તેમાં રાષ્ટ્ર જીવન તો પ્રધાનપદે છે. તેમનું જીવન અલપ ઝલપ દેખાય છે. કેટલીકવાર તો કેટલાક પૃષ્ઠો સુધી મહાદેવભાઈ अत्रे तुता सरस्वती જેમ લુપ્ત થતા દેખાય છે. પણ તે લુપ્ત નથી. ગુપ્ત છે. તેઓ નેપથ્યમાં રહીને ક્યારેક નાટકના લેખકની જેમ સર્વનું નિરૂપણ કરે છે અને તેમાં તેમનું વ્યક્તિત્વ પણ પ્રગટ થયું છે.

મહાદેવભાઈ ગાંધીજીને પિતાતૃલ્ય પરમગુરૂ માનતા હતા. અને ગાંધીજી પણ મહાદેવભાઈ પ્રત્યે પુત્રવત વાત્સલ્ય ધરાવતા હતા. તેમનું જીવન પણ ગાંધીજીની જીવન જેવું સાદુ હતું પરંતુ વિચારો ઘણાં ઉચ્ચ કોટિના હતા. તેમની લેખન શક્તિ પણ પ્રશસ્ય હતી.

વળી, ગાંધીજીના અંતરની અભિવ્યક્તિ આશ્રમો દ્વારા તો તેમની બ્રહ્માભિવ્યક્તિ એમના પત્ર પત્રિકાઓ દ્વારા થતી. જો કે તેમના વ્યક્તિત્વમાં જેવો બ્રહ્માંયતર સમન્વય હતો તેવો સમન્વય આ બંને ક્ષેત્રોમાં પણ દેખાઈ આવતો એટલે કે સામાન્ય રીતે ગાંધીજી ચિત શુધ્ધિ અને ગુણવિકાસ અંગેના પ્રયોગો આશ્રમોમાં થતા અને સમાજ દેશકે દુનિયાના પ્રશ્નો અંગેના તેમના વિચારો એમના સામયિકોમાં જોવા મળતા. પણ આફ્રિકા કે હિંદમાં એમનો એવો કોઈ આશ્રમ નહોતો કે જેમાં કાર્યકર્તાના વિકાસની સાથે દેશના કોયડાઓનો સમન્વય ન સધાયો હોય અને ગાંધીજીની કોઈ પત્રિકા એવી નહોતી કે જેમાં એમનું અંતર નિરિક્ષણ જોવા મળતું ન હોય.

મહાદેવભાઈ કહેતા 'મારે હસ્તક હતું ત્યાં સુધીમાં એમાં થયેલા ફેરફારો મારી જીંદગીના ફેરફારો સૂચવનારા હતા...... એવું મને યાદ નથી મારે સારુ એ છાપું સંયમ ની તાલીમ થઈ પડ્યું હતું. મિત્રોને સારુ મારા વિચારો જાણવાનું વાહન થઈ પડ્યું હતું...... એ પણ વિના સત્યાગ્રહની લડત ન ચાલી શકત'(1)

મહાદેવભાઈનું ચારિત્રનું વર્ણન કરતાં ગાંધીજીએ કહ્યું હતું. 'મને કોઈ પૂછે કે મહાદેવના ચારિત્ર્યનું સૌથી મોટું ઉમદા લક્ષણ કયું તો કહું કે પ્રસંગ પડ્યે શૂન્યવત થઈ જવાની તેની શક્તિ 1921 ના એક પત્રમાં ગાંધીજી લખે છે.' "તમારા જેવો માણસ હંમેશા મારી સાથે હોય તો છેવટે મારું કામ ઉપાડી શકે એવો લાભ રહી જાય છે."

વળી મહાદેવભાઈઅને ગાંધીજીના લેખન કાર્યમાં એવી સામ્યતા હતી કે ગાંધીજી અને મહાદેવભાઈના લેખનની નીચે કોની સહી છે તેના જોઈએ તો તે લખાણ કોનું છે તેનો ખ્યાલ તેમની સહીથી જ આવતો મહાદેવભાઈનું ભાષાજ્ઞાન ઉત્તમ કોટિનું હતું. અંગ્રેજી ઉત્કૃષ્ટ કક્ષાનું હતું તે સમજી શકાય છે. કારણ કે તેઓ ઓગણીસ વર્ષની ઉંમરે બેરિસ્ટરીના અભ્યાસ માટે લંડન ગયા હતા અને અઢી વર્ષ ત્યાં રહ્યા હતા. અને તે પછી દક્ષિણ આફ્રિકામાં તેણે અંગ્રેજીના નિકટના સંપર્કમાં આવ્યા હતા. વળી તેઓ ગાંધીજીના વિચારો સાથે એવા ઓતપ્રોત થઈ ગયા હતા કે નારાયણભાઈ નોંધે છે તેમ ગાંધીજી બોલતા હોય અને મહાદેવભાઈ નોંધ લેતા હોય ત્યારે તેમની કલમ ગાંધીજીની વાણીથી આગળ ચાલતી, ગાંધીજી બોલવાના હોય તે શબ્દ એ અનુમાનથી લખી લેતા અને ગાંધીજી બોલે ત્યારે તેમના મોંમાથી તે જ શબ્દ નીકળતો.

## ૨. ગાંધીજીના રાજમંત્રી

મહાદેવભાઈ ગાંધીજીના રાજમંત્રી હતા તેઓ દેશ અને દુનિયાની રાજકીય ઘટનાઓ અને પ્રવાહોથી પરિચિત રહેવાનું હોય, અને સામગ્રી અને માહિતી એકઠી કરવાનું હોય, અને ચાલુ પ્રશ્નોની છેલ્લામાં છેલ્લી હકીકતોથી સુસજ્જ રહેવાનું હોય, ગાંધીજી જે પ્રશ્ન હાથ ધરે તે પ્રશ્નને લગતી તમામ માહિતી અને તેની સાથે સંબંધ ધરાવતી અનેક વિગતોનો અભ્યાસ કરવામાં તેઓ રોકાઈ ગયા જ હોય.

1929 માં સરકારે જમીન મહેસૂલમાં ભાડું કહેવાય કે કર એ વધારી દીધા અને તેની તકરાર ચાલી તેમાં એમણે પ્રજાપક્ષે લોર્ડ લીટન સર ચાર્લ્સ વુડ તથા બેડન પોવેલ જેવા વિદેશીઓના આધાર ટાંકી બતાવ્યા. વળી લડતને અંતે જે તપાસ સમિતી નીમવામાં આવી તે સરકારી તપાસ સમિતી સમક્ષ આજ સુધી સરકાર જે હકીકતને આધારે ચાલતી હતી તેવી અનેક હકીકતોને જૂઠી સાબિત કરી દીધી. આ સિવાય માતર તાલુકાની આર્થિક પરિસ્થિતિ અંગેનો પણ રોવેરોવે એવો ચિતાર મહાદેવભાઈએ આપ્યો. મહેસૂલનું ભરણું ખેડૂતને હવે તોડી નાંખે એવું આકરૂં હતુ. છતાંયે સરકારે આ બધા પ્રત્યે બે ધ્યાન બની મનસ્વીપણે મહેસુલ ઉઘરાવ્યું. મહાદેવભાઈએ આંકડા બંધ હકીકતોથી અભ્યાસપૂર્ણ સચોટ લેખો લખીને સરકારી નીતિને પડકારી અને ઉઘાડી પાડી.(2)

ગાંધીજીએ સત્યાગ્રહની લડતનો આરંભ મીઠાના કાયદાના ભંગથી કરવાનું સૂચવેલું એની પ્રાથમિક ભૂમિકા તૈયાર કરવા માટે તેમણે મીઠાના સવાલનો ઝીણવટથી અભ્યાસ કર્યો. બંગાળમાં પહેલા મીઠું બીલકુલ ન આવતુ, પછી ઈજારો આવ્યો ને અગરિયાઓ અને વણકરોને રીબીરીબી ને કેમ માર્યા તેનો ઈતિહાસ આપ્યો. જેને કારણે ગાંધીજીને લડતમાં ઘણી સહાયતા મળી.

'31 માં સત્યાગ્રહ ક્ષેત્રે યુધ્ધ વિરામ થયો અને ગાંધી ઈર્વિન સંધી થઈ પરંતુ એ સંધી કે કરારો કંઈ દિલના નહોતા તેથી અમલદારો સંધી કરારનો ભંગ કરતાં અચકાતા નહી લોકો અકડાયા ગાંધીજી ખૂબ

સંયમ અને ધીરજ રાખીને વાઈસરોયનું ધ્યાન ખેંચે પણ વાઈસરોય તો પ્રાંતિક સરકારોના બચાવને આગળ ધર્યા કરે. આમાં સંધીભંગને સાબિતી શી રીતે કરવો? કરારભંગના રોજ રોજ બનતા જતા સંખ્યાબંધ બનાવોમાંથી તારવણી કરી કરીને મહાદેવભાઈએ પ્રાંતિક સરકારોના બચાવને પાયો જ ન રહે એવું તહોમતનામું તૈયાર કરી દીધું એમની ઉદ્યમશક્તિના પરિણામરૂપ આવા તે કેટલાક કિસ્સા સૂલજાવ્યા હતા.'(3)

મહાદેવભાઈએ સરકારના મંત્રીપદ કરતાંયે ગાંધીજીના મંત્રી પદને ઉંચેરું, અદકેરું લેખ્યું જણાય છે. મહાદેવભાઈ ગાંધીજીના મંત્રીના કામોમાં રસોઈ કરવી, કપડાં ધોવા, પાયજામાં સાફ કરવા, વગેરે તમામ કામ કરતા. તેઓ આત્મ સંયમી પણ હતા.

વળી મહાદેવભાઈ ગાંધીજી સાથે પુર તાદાત્મ્ય સાધતા અને ગાંધીજી તેમને પોતાની અંગતમાં અંગત વાત પણ જણાવતા. મહાદેવભાઈના તન-મનમાં ગાંધીજી સ્વામી બની રહ્યા. વળી મહાદેવભાઈને એમની હમાલી કરવામાં અનેરો આનંદ આવતો હતો. તેઓ ગાંધીના વ્યાસ બનીને રહ્યા. તેઓ તો ગાંધીરૂપી વ્યાસના ચિતમાં કંઈ વાત હવે ઉગશે તેનીયે ક્યારેક તો નવાઈ લાગે એટલી હદે સચોટ અટકળ કરી શકતા હતા.(4)

### 3. ગાંધીજીના સચિવેશુ મહાદેવભાઈ

મહાત્મા ગાંધીના રહસ્મંત્રી કે અંગત સચિવ થવા સારુ જેવા વ્યક્તિત્વની જરૂર હતી તેવું વ્યક્તિત્વ મહાદેવભાઈમાં હતું. ગાંધીજી આગળ અંગત કે ખાનગી જેવી કોઈ વસ્તુ નહોતી તેથી તે શબ્દ તો માત્ર ગાંધીજી સાથેનો તેમનો અંતરંગ સંબંધ બાતવવા પૂરતો જ વપરાતો હતો. જેનું જીવન જ ખુલ્લી કિતાબ હતું તેને વળી ખાનગી શું અને જાહેર શું?

સચિવ શબ્દની વ્યાખ્યા ગાંધીજી આગળ આવીને એની સામાન્ય કલ્પનાને ક્યાંય આંબી જતી. જેના જીવનમાં ઘર અને કાર્યાલય બંને અભિન્ન છે જ્યાં બંને યજ્ઞસ્થળ જ બની રહે છે ત્યાં સચિવ એટલે માત્ર કાર્યાલયનો ભાર ઉપાડનાર કે સલાહકાર શી રીતે હોઈ શકે? ખુદ મહાદેવભાઈએ ગાંધીજી સાથે જે સંબંધ કેળવ્યો હતો તેને લીધે આ સચિવપણું સચિવ શબ્દની રૂઢ ધારણાને ઓળંગી જતું હતું. એ સંબંધ હતો ભક્તનો જે છેવટે તડપતા અને તન્મયતામાં પરિણમ્યો હતો. તેથી બંને એક જીવ બે ખોળિયા સમા બની રહેતા મહાદેવભાઈને ગાંધીજીના વધારાના અંગ તરીકે વર્ણવ્યા હતા. તે સચિવ કરતા ઘણું વધારે ઉચિત વર્ણન હતું.(5)

મોટા માણસના સચિવોમાં સામાન્યપણે મોટાઈ હોય કોઈ કોઈ વાર તો સૂર્ય કરતા પણ તેના તડકામાં તપેલી તેની રેત વધુ દઝાડે પણ ગાંધીજી આગળ મૂલ્ય મોટાઈનું નહી નમ્રતાનું હતું. તેથી ગાંધીજીના

સચિવ કેવા સુઆબદાર હોય એમ નહીંપણ કેટલો વિનમ્ર હશે એમ જ વિચારવાનું રહેતું. ખરુ જોતા સચિવ શબ્દ સંસ્કૃતિનો છે. સંત સંસ્કૃતિના ગાંધીજી સાથે એ બહુ શોભતો નથી એની સાથે તો ભક્ત શબ્દ જ શોભે.

ગાંધીજીના સચિવનું કાર્યક્ષેત્ર માત્ર એણ ના કાર્યાલય પૂરતું સિમિત નહોતું અને એણનું કાર્યાલય પણ કોઈ એક ક્ષેત્ર પૂરતું મર્યાદિત ન હોતું. એમનું કાર્યાલય ગાંધીજીની સાથે હરતું-ફરતુ અને એમનું કાર્યક્ષેત્ર માત્ર કાગળપત્તર, ફાઈલ, હિસાબ પૂરતુ સિમીત નહોતું રહેતું. તે એક સાધનાનો પથ હતો એ પથ ક્ષુરસ્ય ધારા શો દુર્ગમ હતો. ગાંધીજીના અંતવાસી થવું એ જ્વાળામુખીના મોં પર રહેવા જેવું દુષ્કર કામ હતું. એમ મહાદેવભાઈ વારંવાર કહેતા.

ગાંધીજીના અંતેવાસી થવું એટલે જે નિત્ય વિકાસશીલ હતા, જે નિત્ય પ્રયોગશીલ હતા, જે સદા ખુલ્લા મનવાળા હતા તેના વિકાસશીલ, પ્રયોગશીલ ખુલ્લા વ્યક્તિત્વ જોડે તાલ મેળવીને જીવવું તોયે પ્રત્યક્ષ સચિવના કામ તરીકે આપણે એમના કેટલાક કામો ગણાવી શકીએ.

એક તો કામ ટપાલનું સૌ ગાવમાં પોસ્ટ ઓફિસ નહોતી તેથી મહાદેવભાઈ ગાંધીજી સાથે સેગાંવ ન જતા મગનવાડી રહ્યા હતા. એમાં વળી ટપાલ અંગેનું એમનું કામકાજ ઓછું થયું નહોતું બલકે રોજ મગનવાડીની સેગાવ સુધીનું સાડાપાંચ માઈલનું અંતર કાપીને એ ટપાલ બાપુ પાસે પહોંચાડવી એ ટપાલીનું કામ ઉમેરાયું હતું. ગાંધીજીની ટપાલ એટલે માત્ર એના ઢગલા જ નહી જો કે ઢગલા એટલા થતા કે પાછળથી એને લીધે ટપાલ ખાતાને સેવા ગ્રામમાં ખાસ પોસ્ટ ઓફિસ ખોલવી પડેલી. પણ એમાં વૈવિધ્ય પણ પુષ્કળ હતું. ભાષાનું વૈવિધ્ય, વિષયનું વૈવિધ્ય, શૈલીનું વૈવિધ્ય એમાં ગંભીરમાં ગંભીર આધ્યાત્મિક વિષયો અંગેની સાત્વિક ચર્ચા કરતા પ્રસંગો હોય; દેશના સળગતા રાજકીય પ્રશ્નો અંગેના રાજકીય દસ્તાવેજો હોય અને ગાંધીજીને ગલીચ ગાળો ભાંડનાર તામસી કચરોય હોય એમાં પોતાના આરોગ્ય અંગેના પ્રશ્નો પૂછીને ઉપાય સૂજાડનાર વિનંબી થઈ હોય દેશનો ઉધ્ધાર કરવાના નુસ્ખઓ સૂચવ્યા હોય, એમાં વાઈસરોય કે મુસ્લિમ લીગ સાથેના આંટીઘૂંટીવાળા પ્રશ્નો હોય એક બે લીટીઓના પત્રોથી લઈને 80-100 સુધીના લાંબા લચક પત્રોનો પણ તેમાં સમાવેશ થાય આ પત્રોમાં ગાડાના પત્રો હોય ડાહ્યાના પત્રો હોય અને દોઢ ડાહ્યાના પણ હોય આ પત્રો જોઈને એનું જપાટાબંધ વર્ગીકરણ કરવું એ મહેદાવભાઈનું પહેલું કામ કેટલાક પત્રો તો બાપુ પાસે જવા જ જોઈએ. કેટલાક વિશે એમની સાથે વાત કરીને એમની સલાહ મુજબ મહાદેવભાઈ જ લખી દે ઘણા જવાબ તો મહાદેવભાઈ જાતે જ લખી નાંખે કેટલાક કનુ કે બાબલાને જવાબ આપવા સારુ સોપાય. કેટલાક પત્રોના જવાબ આપતા પહેલા બીજા ક્યાંક લખીને પૂછાવવાનું હોય, કેટલાકનો જવાબ આપતા પહેલા થોડું ખમી ખાવાનું હોય કેટલાકના જવાબ તો જરૂર હોય તો લેટ ફી ભરીને પણ તેને તે જ દિવસે જવા જોઈએ. કેટલાકને તારથી પણ પહોંચી વળવું પડે આ સિવાય મહાદેવભાઈ ક્રોધ યુક્ત પત્રોના જવાબ પ્રેમપૂર્વક આપતા.[6]

**સંદર્ભસૂચિ**

૧.ચંદ્ર કાન્ત શેઠ (૧૯૯૪) મહાદેવભાઈ સત્વ અને સાધના, મહાદેવ ભાઈ જન્મ શતાબ્દી સમિતિ, ગુજરાત નવજીવન પ્રકાશન અમદાવાદ પૃષ્ઠ. ૨૫૦

૨. એજન, પૃષ્ઠ ૨૫૩

૩. એજન, પૃષ્ઠ ૨૫૬

૪. એજન, પૃષ્ઠ ૨૫૮

૫. પંડ્યા વિષ્ણુ, (૧૯૯૪), પત્રકારત્વ ના સિદ્ધાંતો, અમદાવાદ. પૃષ્ઠ ૧૭૮

૬. એજન, પૃષ્ઠ ૧૮૦